Accredited Grade "A" by NAAC(3rd Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

શારીરિક શિક્ષણ વિભાગ, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૧૧૧

ઈ-મેઈલ : phyedu@sauuni.ac.in

નં.શા.શિ./સ્પો.કો./૯૫/૨૦૨૦

તા.૧૦-૦૬-૨૦૨૦

પરિપત્ર :

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજનાં આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના વડાશ્રીઓ, અને માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવાનું કે યુનિવર્સિટી કેમ્પસ ખાતે આવેલ સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વિકાસ માટે બોર્ડ ઓફ સ્પોર્ટ્સ અને સિન્ડીકેટની તા.૨૮-૦૨-૨૦૦૦ નાં ઠરાવ નં. ૦૯ મુજબ સને ૨૦૦૦-૨૦૦૧ નાં વર્ષથી રૂ.૧૦/- સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વિકાસ ફંડ તરીકે પ્રથમ સત્ર દરમ્યાન તમામ વર્ગોના વિદ્યાર્થીઓ પાસેથી લેવાનું નક્કી થયેલ છે.

આ સબબ નવા વર્ષની એટેલે ૨૦૨૦-૨૦૨૧ નાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વિકાસ ફંડની રકમ રૂ.૧૦/- વિદ્યાર્થીઓ પાસેથી મેળવી ડ્રાફટ દ્વારા આ યુનિવર્સિટીનાં કેશ વિભાગમાં જમા કરાવવાની રહેશે. આ રકમનાં ડ્રાફટ સાથે વિદ્યાર્થી અંગેની વર્ગવાર સંખ્યા તથા અન્ય માહિતી દર્શાવતો પત્ર ૦૨ (બે) નકલમાં લાવવાનો રહેશે. કેશ વિભાગમાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વિકાસ ફિ નાં નાણા કોડ નંબર ૫૮૦૩ થી ભરવાના રહેશે. તેની ૦૧ (એક) નકલ રસીદ નંબર લખી શારીરિક શિક્ષણ વિભાગમાં અચુક જમા કરાવવાની રહેશે. આ રકમ એનરોલમેન્ટનાં ફોર્મ સાથે જ મોકલી આપવા અન્યથા એનરોલમેન્ટ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. વિશેષમાં અગાઉના વર્ષની જે કોલેજની રકમ બાકી હોય તેઓએ પણ તાત્કાલિક જમા કરાવવાની રહેશે. અગાઉ બાકી રહેલ ફિ જમા કરાવવામાં નહિ આવે તો તે કોલેજો અંગેની જાણકારી વિગતે સિન્ડીકેટ સમક્ષ રજુ કરવામાં આવશે અને સિન્ડીકેટ જે નિર્ણય લે તે કોલેજને બંધન કર્તા રહેશે.

<u>ખાસ નોંધ :-</u>

(૧) ડિમાન્ડ ડ્રાફ્ટ "રજીસ્ટ્રાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ" નાં નામનો મોકલવાનો રહેશે.

(૨) કોલેજ, ભવન અને પી.જી. સેન્ટરમાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓનાં સ્પોર્ટ્સ વિકાસ ફંડનાં પૈસા લેવાના રહે છે.

(૩) ઉપરોકત નોંધ ૦૧ માં જણાવેલ વિગત સિવાયનો ડી. ડી. કોઈપણ સંજોગોમાં કેશ વિભાગ દ્વારા સ્વીકારવામાં આવશે નહિ અને ડી. ડી. પરત કરવામાં આવશે જેની નોંધ લેશો.

(૪) સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ વિકાસ ફંડનાં પૈસા ભરવા આવો ત્યારે કોલેજનાં લેટરપેડમાં કોલેજ કોડ નંબર દર્શાવવા જરૂરી છે. અન્યથા ફિ સ્વીકારવામાં આવશે નહિ.

(મુસદ્દો કુલસચિવશ્રીએ મંજુર કરેલ છે)

સહી/-
(ડૉ. આર.જી.પરમાર)
કુલસચિવ

<u>પ્રતિ,</u>

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ,

(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનનોના વડાશ્રીઓ,

(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ

રવાના કર્યું

શારીરિક શિક્ષણ નિયામક

**<u>નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે :-</u>**

ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટરશ્રી (વેબસાઈટ દ્વારા પ્રસિદ્ધિ અર્થે)

**<u>નકલ સાદર રવાના :-</u>**

(૧) માન.કુલપતિશ્રી/ માનઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી

(૨) માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી